જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૪/૦૧/૨૦૧૯ શુક્રવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં
આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૨૨/૧૯

## દાણીલીમડા પોલીસ સ્ટેશનના ગુન્હામાં છેલ્લા આઠેક વર્ષથી નાસતા ફરતા આરોપીની ધરપકડ કરતી દાણીલીમડા પોલીસ

મે.પોલીસ મહાનિર્દેશકશ્રી અને મુ.પો.અધિ.શ્રી ગુ.રા. ગાંધીનગર નાઓ દ્વારા નાસતા ફરતા આરોપીઓને પકડી પાડવા સારૂ ખાસ ઝુંબેશનું આયોજન કરવામાં આવેલ હોય જે ઝુંબેશને અનુલક્ષીને મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા મે.અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ સાહેબની સુચના તેમજ નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૬ સાહેબ તથા ઇ.મ.પો.કમિ.શ્રી "કે" ડિવિઝન અમદાવાદ શહેરનાઓ તરફથી મળેલ સુચના અને માર્ગદર્શન મુજબ નાસતા/ફરતા વોન્ટેડ આરોપીઓને પકડી પાડવાની ડ્રાઇવ ચાલતી હોય જે ડ્રાઇવ અનુસંધાને અસરકારક કામગીરી કરવા સુચના કરેલ હોય જેથી સિનિયર પોલીસ ઇન્સપેકટરશ્રી દાણીલીમડા પોલીસ સ્ટેશન નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્કોર્ડના પો.સબ.ઇન્સ. જે.આર.પટેલ તથા હે.ડ.કોન્સ ભરતભાઇ ધુળાભાઇ તથા પો.કો.કમલેશકુમાર હસમુખલાલ તથા પો.કો.વિશ્વરાજસિંહ રાજેન્દ્રસિંહ નાઓ પોસ્ટે વિસ્તાર મા પેટ્રોલીંગમા હતા દરમ્યાન પો.કો.કમલેશકુમાર હસમુખલાલ તથા પો.કો.વિશ્વરાજસિંહ રાજેન્દ્રસિંહ નાઓને મળેલ બાતમી આધારે **દાણીલીમડા પો.સ્ટે. ફર્સ્ટ ગુ.ર.નં.૧૪૧/૨૦૧૦ ધી ઇ.પી.કો. કલમ ૩૯૨, ૧૧૪** મુજબના ગુનાના કામે આરોપી નામે **ભાવેશ અજીતભાઇ પરમાર રહે. એ/૧૫, પ્રથા ટેનામેન્ટ, આઇ.ટી.આઇ.સામે, વાળીનાથ ચોકડી,ચાંદખેડા, અમદાવાદ શહેર**નાનો પોતાની ધરપકડ ટાળવા સારૂ છેલ્લા આઠેક વર્ષથી નાસતો ફરતો હોય જેને આજરોજ ઉપરોક્ત ગુનાના કામે પકડી અટક કરી પ્રશંસનીય કામગીરી કરેલ છે.

## મિલકત સબંધી ગુનો શોધી કાઢતી દાણીલીમડા પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર સેકટર-૨ તથા ના.પો.કમિ શ્રી ઝોન-૬ તથા ઇન્ચાર્જ મદદનીશ પો.કમિ.શ્રી " કે " ડીવીઝનનાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ અત્રેના પોલીસ સ્ટેશન વિસ્તારમાં બનતા વાહન/ઘરફોડ ચોરીના ગુનાઓ શોધી કાઢવા સુચના મળતા જે અન્વયે પોલીસ ઇન્સપેકટરશ્રી વી.આર.વસાવા નાઓની સુચના હેઠળ તેમજ માર્ગદર્શન હેઠળ નીચે મુજબની કામગીરી કરેલ છે.

સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઇન્સ જે.આર.પટેલ તથા સાથેના સ્ટાફના માણસો સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં નીકળેલ તે દરમ્યાન સાથે ના સ્ટાફના પો.કો.વિજયસિંહ રજુજી તથા પો.કો.કમલેશકુમાર હસમુખલાલ નાઓને મળેલ સંયુકત બાતમી હકીકત આધારે આરોપી **શાહરૂખખાન સ/ઓ મુનીરખાન ગુલામરસુલ પઠાણ ઉ.વ.૨૬ રહે : બુધાલાલની ચાલી, સફીમંઝીલ પાસે, નવી મસ્જીદની સામે, દાણીલીમડા, અમદાવાદ શહેર ના**ને જેની પાસે એક સુઝુકી કંપનીનું એક્સેસ૧૨૫ છે જેનો આગળ કે પાછળ આર.ટી.ઓ નંબર લખેલ નથી જેની આશરે કીમત રુપીયા ૩૦,૦૦૦/- મત્તાની ગણી સકાય જે મુદામાલ સાથે પકડી કાગડાપીઠ પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં.૦૨/૧૯ ઇ.પી.કો.કલમ.૩૭૯ મુજબનો મિલ્કત સંબંધી ગુનો શોધી કાઢેલ છે.



**<u>અમરાઇવાડી પોલીસ સ્ટેશન :</u>**

ઉપરી અધીકારીઓશ્રી ની સુચના મુજમ તેમજ પોલીસ ઈન્સપેક્ટર શ્રી ઓ.એમ.દેસાઈ સાહેબ નાઓના માર્ગદર્શન હેઠળ તા:- ૦૩/૦૧/૨૦૧૯ ના રોજ સર્વે સ્કોડના આસી.સબ.ઈન્સ રતિલાલ કરશનભાઇ તથા અનાર્મ હેડ.કોન્સ.ધનરાજકુમાર છગનલાલ તથા એલ.આર.સુરેશભારથી હરીભારથી તથા સ્ટાફના માણસો સાથે દારૂ જુગારની પ્રવુર્તી અટકાવવા સારૂ પો.સ્ટે વીસ્તારમા પેટ્રોલીંગમા હતા દરમ્યાન સાથેના પો.કો દિપકભાઇ હેમુભાઇ તથા એલ.આર.મનિશકુમાર ઇશ્વરલાલ નાઓની સંયુક્ત બાતમી આધારે અમરાઇવાડી હાટકેશવર કર્ણાવતી એપાર્ટમેંટ આગળ જાહેરમાંથી એક નંબર પ્લેટ વગરની સી.એન.જી.ઓટો રીક્ષામાં આરોપી રિકેનભાઇ દશરથભાઇ જાતે સાવંત (મરાઠી) ઉ.વ.૩૦ રહે .બ્લોક વી/૨૦૨ દિનદયાલ ફ્લેટ સરકારી આવાસ યોજના વિવેકાનંદનગર હાથીજણ અમદાવાદ શહેર નાને વગર પાસ પરમીટે પોતાની કબજાની સી.એન.જી.ઓટોરીક્ષામા દેશીદારૂ ૧૮૦ લીટર મળી કુલ્લે રૂપીયા ૩૬૦૦/- તથા સીએનજી ઓટોરીક્ષાની કીમત રૂપીયા ૧૬૦૦૦૦/- તથા એક ઝોલો કંપનીનો મોબાઇલ ફોન કિ.રૂ.૨૦૦૦/-મળી કુલ્લે રૂપીયા ૧૬૫૬૦૦/- ના મુદ્દામાલ સાથે પકડી તેઓના વિરુધ્ધમાં અમરાઈવાડી પો.સ્ટેશન પ્રોહી.ગુ.ર.નં.૫૦૦૭/૧૯ ધીપ્રોહી કલમ ૬૬(બી).૬૫(ઈ), ૮૧,૯૮(૨) મુજબ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

**<u>સરદારનગર પોલીસ સ્ટેશન :</u>**

અધિક પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર- ૨ અમદાવાદ શહેર નાઓ તથા નાયબ પોલીસ કમીશ્નર શ્રી ઝોન-૦૪ સાહેબ અમદાવાદ શહેર તથા મદદનીશ.પોલીસ.કમીશ્નર " જી" ડીવીજન સાહેબ તથા પોલીસ ઇન્સપેકટર શ્રી આર.એન.વિરાણી સાહેબ સરદારનગર પોલીસ સ્ટેશન નાઓએ સુચના આપેલ કે "ચાઇનીજ દોરીનો વેપાર કરતાં ઇસમો અંગે ખાનગી રાહે તપાસ કરી મળી આવેથી કાયદેસરની કાર્યવાહી કરવા અંગેની સુચાના આપેલ જે સુચના આધારે સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઇન્સ ડી.બી.પટેલ તથા સર્વેલન્સ સ્કોર્ડ ના સ્ટાફ ના માણસો સાથે પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન અમોને મળેલ ખાનગી બાતમી હકીકત આધારે આરોપી <u>રાજેશ હરેશકુમાર જાતે લાલવાણી ઉ વ ૩૧ રહે- મ ન ૨૯૩ /૧૩ રાજાવીર સર્કલ ની બાજુમાં કુબેરનગર સરદારનગર અમદાવાદ નાનો તારીખ- ૦૩/૦૧/૨૦૧૯</u> ના કલાક ૧૬/૫૫ વાગે <u>પોતાના મકાનમાં ચાઇનીજ દોરીની નાની-મોટી ફીરકીઓ (ટ્રેલર) નંગ- ૨૦૩ કિ.રૂપીયા- ૩૨,૨૫૦/ ની મત્તાનો રાખી</u> મે પોલીશ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓના જાહેરનામા ક્રમાંક; વિશા/ એચ/ સેક્શન/ મકરસક્રાંતી/ પરમીટ/ ૫૧૫/ ૨૦૧૮ નો ભંગ કરી મળી આવતાં કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.